અરજી (**E .S . I .**) નંબરઃ ૪૬/૨૦૧૯.

## આંકઃ૧(એ) હેઠળ હુકમ

પ્રતિનિધિત્વઃ અરજદાર તરફે વિ. વકીલશ્રી ડી.પી.પારેખ
સામાવાળા તરફે વિ. વકીલશ્રી વાય.આર.ઉપાધ્યાય

## હુકમ

(૧) સદરહુ કામે અરજીની હકિકત પરત્વે સંસ્થા કંપની અત્રેની કોર્ટમાં તકરાર લઈને આવેલ છે. ત્યારે આ કેસ દાખલ કરવામાં આવેલ છે અને વિલંબ માફની અરજી સાથે કરવામાં આવેલી અને જે અરજી ૫/૧૫ થી કરેલી હતી. અને તે સમયે નામદાર અદાલત તરફથી મનાઈ હુકમ આપવામાં આવેલ છે, તેમજ કારણ દર્શક નોટીસ કાઢવામાં આવેલ છે. અને રૂપિયા ૧,૯૭૦૦૦/- કોર્ટમાં જમા કરાવવાની શરતે કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવેલ છે. અને વિલંબ માફ કરવામાં આવેલ છે. ત્યાર બાદ હાલની અરજીમાં મનાઈ હુકમ માંગવામાં આવેલો છે. અને તે લંબાવવામાં આવેલ છે. જે હુકમ હાલ પણ અસ્તિત્વમાં છે. અને અરજદાર તરફથી આ કામે મનાઈહુકમ સંબંધે થયેલા હુકમ મુજબની રકમ જમા કરાવેલ છે.

(૨) કેસની હકિકત પરત્વે આંક-૧ ની અરજી તથા મનાઈ હુકમની અરજી અને રજુ થયેલા દસ્તાવેજી પુરાવા, સોંગંદનામા તથા બંન્ને પક્ષકારોનાં વિ.

વકીલશ્રીઓનાં કાયદાકીય રજુઆત તેમજ હકિકત પરત્વે રજુઆતો ધ્યાને લીધી.

(૩) ઉપરની હકિકત મનાઈ હુકમની અરજી ઘણાં લાંબા સમયથી મનાઈ હુકમની અરજી સાંભળવા ઉપર પેન્ડીંગ રહેલ છે. સી.પી. સી. ઓર્ડર–39 રૂલ 1, 2 ના આજ્ઞાત્મક પ્રબંધો ધ્યાને લેતાં મનાઈ હુકમની અરજીનો નિર્ણય એક માસમાં કરી આપવો જોઈએ. જયારે આ કેસ ઘણો જ જુનો છે અને ઘણા વખતથી મનાઈ હુકમની અરજી સાંભળવા માટે પેન્ડીંગ રહેલ છે. અને વિમા કંપની તરફથી વસુલાતની કાર્યવાહી થયેલ હોય તેવુ જણાતુ નથી. તે જોતાં અગાઉ કરવામાં આવેલ આંક–૨, સંબંધેનો નિર્ણય ઘણા લાંબા સમયથી થતો ન હોય નિર્ણય કરવો ન્યાયોચિત જણાય છે. ઉપર ચર્ચા કર્યા પ્રમાણે સી. પી. સી. ઓર્ડર– 39 રૂલ 1, 2 તથા આજ્ઞાત્મક પ્રબંધો ધ્યાને લેતાં ઘણાં લાંબા સમયથી આ કામ સુનાવણી માટે પેન્ડીંગ છે, અને લાંબા સમયથી સુનાવણી થતી નથી. જેથી માંગવામાં આવેલ મનાઈ હુકમની અરજીનો નિર્ણય આંક–૧, સાથે કરવામાં આવે તો કોઈ પણ પક્ષકારને અન્યાય થશે નહીં તેમ હું નમ્રપણે માનુ છું. જેથી પણ ન્યાયનો હેતુ જળવાય રહશે. એટલું જ નહીં પરંતુ ઉલટાનું મનાઈ હુકમની અરજી ફેસલ થઈ જાય અને કેસ ઝડપથી ચાલે તો પક્ષકારોને ન્યાય મળી રહે અને હાલનાં સમય અને સંજોગો જોતાં લોકોને ઝડપી અને સક્ષમ ન્યાય મળી રહે તેમ લોકો પણ ઈચ્છે છે. અને નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટનો આ પ્રકારનો અભિગમ છે. અને તેથી જ કેસો ઝડપથી પુરા થાય તે માટે વખતો વખત સુચનાઓ અને લોક અદાલતોનું આયોજન કરવામાં આવે છે. જેથી કરીને લોકોને ઝડપી અને સક્ષમ ન્યાય મળી રહે તે જોતાં પણ આ મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરવો ન્યાયોચિત જણાય છે. તે સંજોગો ધ્યાને લેતાં આંક–૨, નો નિર્ણય આંક–૧

સાથે કરવાનું ઠરાવવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહશે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુકમ

અરજદારની આંક–૧(એ) ની મનાઈ હુકમની અરજીનો નિર્ણય આંક–૧,સાથે કરવાનું આથી ઠરાવવામાં આવે છે. અને એકતરફી આપવામાં આવેલ હુકમ આંક–૧ ના નિર્ણય સુધી લંબાવી આપવામાં આવે છે. અને અરજદારે આ કેસ છ માસમાં પુર્ણ કરવા ત્વરીત પુરાવો રજુ કરવા હુકમ કરવામાં આવે છે. તે રીતે આંક–૧(એ) ની અરજી આ તબકકે ફેસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તા.૪–૧૨–૨૦૧૯
સ્થળ– કલોલ

(મોહંમદફારૂક અબ્દુલરહેમાન વલિયાણી)
જજ કોડ : જીજે ૦૦૩૬૫
ન્યાયાધીશ
કામદાર રાજય વિમા અદાલત,
અમદાવાદ